## ભાવનગરના મહેરબાન આઠમાં એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં,

---

**ફોજદારી કેસ નં.-9906/2023**

**આંક :- 05**

**ફરીયાદી** :- શ્રી સરકાર

વિરુધ્ધ

**આરોપી** :- પદમાબેન રામજીભાઈ રાઠોડ

**-: જજમેન્ટ :-**

(૧) હાલના કામે આરોપી વિરુધ ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫ એએ,૧૧૬બી, મુજબના ગુનાનો આક્ષેપ છે.

(૨) આરોપી વિરુધ્ધના ગુનાનું સંજ્ઞાન લઈ પ્રોસેસ ઈસ્યુ કરવાનો હુકમ કરવામાં આવેલ. આરોપી વિરુધ્ધ પ્રોસેસની બજવણી થતા આરોપી તેમના વકીલશ્રી મારફતે અત્રેની અદાલતમાં હાજર થતા આરોપીને ફોજદારી કાર્યવાહી સંહિતાની કલમ-૨૦૭ મુજબની નકલો પુરી પાડવામાં આવેલ.

(૩) ત્યારબાદ હાલના આરોપી વિરુધ્ધ તહોમતનામું ઘડી આરોપીનો તે અનુસંધાને જવાબ નોંધતા આરોપી ધ્વારા તેમના વિરુધ્ધના ગુનાની કબુલતા કરવામાં આવેલ છે. વધુમાં આ અંગે કબુલાત પુરસીસ પણ રજુ કરવામાં આવેલ છે.

(૪) આરોપી પક્ષે વધુમાં રજુઆત કરવામા આવેલ છે કે, ગરીબી તથા અજ્ઞાનતાના કારણસર હાલનો ગુનો બનવા પામેલ છે. વધુમાં આરોપી પક્ષે રજુઆત છે કે તેમના કુટુંબના ભરણપોષણની જવાબદારી તેઓના શીરે છે વધુમાં સજા અંગે તેઓ ઉપર દયા રાખવા અરજ ગુજારેલ છે.

(૫) આમ, કેસની હકીકત, આરોપીના આર્થિક તથા સામાજીક પરિસ્થિતિ તથા આરોપીપક્ષે સ્વૈચ્છીક કબુલાત તથા તેમજ આ અંગે **નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા 'સ્ટેટ ઓફ ગુજરાત વિરુધ્ધ નટવર હરચંદજી ઠાકોર' ના ૨૦૦૫ ક્રિમીનલ લો જર્નલ ૨૯૫૭** પર પ્રસિધ્ધ ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો ધ્યાને લઈ આરોપીને લઘુતમ સજા કરવામાં આવશે તો ન્યાયનો વિશાળ હેતુ જળવાશે તેમ જણાય છે આમ, ઉપરોકત તમામ સંજોગો તથા હકીકતોમાં નીચે મુજબનો હુકમ કરવો ન્યાયોચિત આવે છે.

**-: આખરી હુકમ :-**

આ કામના દરેક આરોપીને ક્રિ.પ્રો.કોડની કલમ-૨૪૧ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫એએ,૧૧૬બી મુજબના ગુના સબબ રૂ.૧૦૦/- (અંકે રૂપિયા એકસો પુરા) ના દંડની સજા ફરમાવું છું અને જો દંડની રકમ ન ભરવામાં આવે તો ૦૨-દિવસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હાલના કામે કબ્જે કરવામાં આવેલ મુદ્દામાલનો અપીલ સમય વિત્યે નિયમાનુસારની કામગીરી કરી નિકાલ કરવો.

હુકમ આજરોજ તા.૦૯મી, સપ્ટેમ્બર, સને-૨૦૨૩ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી લોકઅદાલતમાં ફેસલ કરવામાં આવે છે.

તા.૦૯/૦૯/૨૦૨૩

સ્થળ-ભાવનગર.

**(હિંમાશું ચૌધરી)**

આઠમાં એડીશ્નલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ,

ભાવનગર.

U.I.C. No. GJ01180